# વડોદરામાં માઈક્રોસોફ્ટ ડિજીટલ એક્સપિરિયન્સ સેન્ટર શરૂ કરશે

## ■ શહેરને ડિજીટલ સિટી બનવા મદદ કરવા IM વડોદરા, IM ડિજીટલની પહેલ



વડોદરા,તા.૨૭

ભારતમાં પ્રથમ વખત માઈક્રો સોફ્ટ દ્વારા વડોદરામાં ડિજીટલ એક્સપિરીયન્સ સેન્ટર શરૂ કરવામાં આવશે. આ સેન્ટર વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિ (વીસીસીઆઇ)ના સહયોગથી સ્થાપવામાં આવશે તેવી જાહેરાત આજે હોટલ વેલકમ ખાતે એક પ્રેસકોન્ફરન્સમાં માઈક્રોસોફ્ટ ઈન્ડિયાના બિઝનેશ ડેવલપમેન્ટ વિભાગના ડિરેકટર મનોહર હોતચંદાણીએ જણાવ્યું હતું. વડોદરા શહેરને ડિજીટલ સીટી બનવા મદદ કરવા આઈએમ વડોદરા,આઈએમ ડિજીટલ પહેલની શરૂઆત કરવામાં આવી હતી.કલાઉડ - કોમ્પ્યુટિંગ આધારિત રજૂઆત પણ મહત્વની બની રહેશે. વિન્ડોઝ ટેબ્લેટ પર ડિજીટલ કન્ટેન્ટ અને ઓફિસ ઉદ્દપનો ઉપયોગ કરવાની તક વિદ્યાર્થીઓને, એમએસએમઈને મળશે.

વડોદરામાં માઈક્રોસોફટના વિક્રેતા ઈગ્રામ માઈક્રો દ્વારા સેન્ટરનું સંચાલન કરવામાં આવશે. વડોદરા વિસ્તારમાં ૨૫૦૦૦ એમએસએમઈ એકમો છે, ૧૧ ઔદ્યોગિક વસાહતો અને ૩ એસઈઝેડ છે, તેમજ દર વર્ષે ૧.૨૦ લાખ વિદ્યાર્થીઓ ટેકનોલોજી - એન્જિનિયરિંગ સહિતની વિવિધ ફેકલ્ટીમાંથી ડિગ્રી લઈને બહાર પડે છે ત્યારે ડિજીટલ બનતા વાર નહિ લાગે તેમ વીસીસીઆઇના પ્રમુખ નિલેશ શુકલે જણાવ્યું હતુ.

બિટ્સ્કેપ ઈન્ફોટેકના એમ.ડી.કાર્તિક શાહે જણાવ્યું હતુંકે, તેમનું ટર્ન ઓવર ૨૦૦૨માં રૂ.૧ કરોડ હતું તે આજે માઈક્રોસોફટની કલાઉડ અને અન્ય સર્વિસના પગલે રૂ.૪૦ કરોડ થઇ ગયું છે. ભારતમાં ૪૦ મિલિયન એસએમઈ છે. ગુજરાતમાં ૫.૫ લાખ રજિસ્ટર્ડ એમએસએમઈનો સમાવેશ થાય છે.૨૦૧૦ થી ૨૦૧૪ સુધીમાં ગુજરાતમાં ૭.૭ મિલિયનડોલરનું રોકાણ થયું છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપના એહેડ ઓફ ધી કર્વ, લેશન ઓન ટેકનોલોજી એન્ડ ગ્રોથ ફ્રોમ સ્મોલ બિઝનેશ લિડર્સમાં બહાર આવ્યું છેકે, જો ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો એમએસએમઈની આવક દેશમાં ૫૬ અબજ ડોલર સુધી વધી શકશે અને ૧૧ લાખ નવી રોજગારી ઉભી થઇ શકશે.